
# Location of Project



**INDIA NON JUDICIAL**

# Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| RKT | 5 | MAV |
|---|---|---|
| 875 | 1 | 15 |
| 2019 | | |

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ96895296056580R |
| Certificate Issued Date | : | 21-Feb-2019 12:06 PM |
| Account Reference | : | SHCIL (FI)/ gjshcil01/ SADAR BAZAR/ GJ-RA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJSHCIL01392525082662664R |
| Purchased by | : | H N BHATT ADVOCATE |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | HOUSE ON LAND ON PLOT NO.66 OF RS.NO.83P ADMEASURING 513-00,SQ.MT, NANA MAVA .CITY RAJKOT |
| Consideration Price (Rs.) | : | 2,00,00,000 (Two Crore only) |
| First Party | : | SWASTIK DEVELOPERS |
| Second Party | : | SAVITABEN KETANBHAI MARWADI |
| Stamp Duty Paid By | : | SWASTIK DEVELOPERS |
| Stamp Duty Amount(Rs.) | : | 9,80,000 (Nine Lakh Eighty Thousand only) |

S.H.C.I.L. SADAR BAZAR

2 5 FEB 2019

0004361411

VOID VOID VOID VOID VOID

Statutory Alert:

1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate
3. In case of any discrepancy please inform the Competent Authority.





P.R. Mehta

| RKT | 5 | MAV |
|---|---|---|
| 875 - | 2 | 18 |
| 2019 | | |

# વેચાણ દસ્તાવેજ

ગુજરાત રાજય ના રાજકોટ જીલ્લાના,રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ નાનામવા ના રેવન્યુ સર્વે નંબર–૮૩ પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા "શ્રી રામ પાર્ક" તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર–૬૬ ની જમીન ચો.મી.૫૧૩–૦૦ સહીત ના મકાન નો વેચાણ દસ્તાવેજ...

---

વેચાણ કિંમત રૂા.૨,૦૦,૦૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા બે કરોડ પુરા .

ટી.પી.સ્કીમ નંબર–૨ ના ફાઈનલ પ્લોટ નંબર–૪૦૪

---

મેં સ્વસ્તીક ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગદારો.... *PAN ADQFS5001G*

૧) પુનીત રજનીકાંત મહેતા,
હિન્દુ,ઉ.વ.૩૨,વેપાર,

૨) સુમીત રજનીકાંત મહેતા,
હિન્દુ,ઉ.વ.૩૩,વેપાર,
સરનામુ : ઓમ પ્લેનેટ, ફર્સ્ટ ફ્લોર,
નિર્મલા કોન્વેન્ટ સ્કુલ ની સામે,
રાજકોટ.

........તે મકાન ખરીદનાર.

OF THE SUB REGISTRAR OF
રાજકોટ સબ રજી.
રાજકોટ-૫ (મવા)
RAJKOT-5 (MAVA)

જોગ લખી આપનાર :–

સવિતાબેન કેતનભાઈ મારવાડી, *PAN ABYPK6942N*
હિન્દુ,ઉ.વ.૫૦,વેપાર,
સરનામુ : મારવાડી વીલા,
શ્રી રામ પાર્ક મેઈન રોડ,
સેન્ટ્રલ સ્કુલ પાસે,કાલાવાડ રોડ,
રાજકોટ.

.......તે મકાન વેચનાર.

જત આથી તમારા જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપી બંધાઉ છું કે,

S.R. Mehta . P.R. Mehta   Savitaben K. Marwadi



25 FEB 2019

RKT 5 MAV
875 = 3 / 15
2019



(૧) ગુજરાત રાજય ના રાજકોટ જીલ્લાના, રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ **નાનામવા** ના રેવન્યુ **સર્વે નંબર–૮૩** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"શ્રી રામ પાર્ક"** તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નંબર–૬૬** ની જમીન **ચો.મી. ૫૧૩–૦૦** મે સબ રજીસ્ટ્રાર રાજકોટ– ૪ (રૈયા) ની ૧ નંબર ની બુકના નંબર–૫૪૮૭ તા.૦૨–૦૮–૨૦૦૩ થી નોધાયેલ વેચાણ દસ્તાવેજ થી શ્રીમતી હર્ષાબેન રજનીકાંત શાહ પાસેથી ખરીદ કરેલ છે.અને ત્યારબાદ સદરહુ જમીન ઉપર મકાન નું બાંધકામ કરેલ છે.એ રીતે રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ નાનામવા ના રેવન્યુ સર્વે નંબર–૮૩ પૈકીના બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા**"શ્રી રામ પાર્ક"** તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર–૬૬ ની જમીન **ચો.મી. ૫૧૩–૦૦** સહીત નુ મકાન મારી સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટામાં આવેલ છે.અને સદરહુ મકાનનું વેચાણ કરવાનો મને સંપુર્ણ હકક, સત્તા અને અધિકાર છે.

(૨) ગુજરાત રાજય ના રાજકોટ જીલ્લાના,રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ **નાનામવા** ના રેવન્યુ **સર્વે નંબર–૮૩** પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા **"શ્રી રામ પાર્ક"** તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નંબર–૬૬** ની જમીન **ચો.મી.૫૧૩–૦૦** સહીતના **મકાન** નો શાંત,ખાલી,નિર્ભય,સંપુર્ણ માલિકી,કબજા ભોગવટા ના અને સુખાધિકાર ના સહીત મારા તમામ હકકો, સતા અને અધિકાર સહિત તમોને તેની વેચાણ કિંમત રૂા.૨,૦૦,૦૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા બે કરોડ પુરા માં વેચાણ આપી સદરહુ મકાનનો આજ રોજ શાંત,ખાલી,બીનતકરારી અને પ્રત્યક્ષ કબજો મે તમોને સોંપી આપેલ છે.અને તે રીતે તમો ખરીદનાર તેનાં માલિક અને કબજેદાર થયાં છો.

SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-5(MAVA)

(૩) સદરહુ મકાન તમો લીલાવંશ,પરંપરા,સુખેથી ભોગવજો,વસજો,વસાવજો યા તેનો ઉપયોગ, ઉપભોગ,ભોગવટો કરજો તેમાં હવેથી મારો કે મારા વંશ,વાલી,વારસોનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લેશ માત્ર હકક,અગ્ર હકક,હિત,હિસ્સો,લાગ–ભાગ કે દરદાવો,ચાર્જ, વારસાઈ હકક,ભરણપોષણ નો હકક નથી.આમ છતાંપણ ભવિષ્યમાં તેવી કોઈ બાબતે વાંધો તકરાર ઉપસ્થિત થાય તો તેવાં સમયે તમોને થતાં તમામ ખર્ચ અને પરીણામ ની જવાબદારી મારી તથા મારા વંશ,વારસોને શીરે રહેશે.તેવું તમોને આથી વચન અને વિશ્વાસ આપુ છું.

P. R. Mehta

2 5 FEB 2019

...૪

RKT 5 MAV
875 / 4 / 15
2019



(૪) સદરહુ મકાન ઉપર સરકારશ્રીનું,સરકારી કે અર્ધસરકારી બેન્ક નું,મંડળી,પેઢી નું કે કોઈ આસામીઓનું કોઈ પણ જાતનું લેણું,લોન,કરજ,ગીરો,બોજો નથી.તથા સદરહુ મકાન ની મે કોઈપણ પ્રકારે વ્યવસ્થા જેવી કે સાટાખત,વેચાણ,વીલ,બક્ષીસ,ટ્રસ્ટ,સેટલમેન્ટ, કુલમુખત્યાર નામુ,પહોચ કે અન્ય રીતે કોઈપણ વ્યવસ્થા કરેલ નથી.તથા સદરહુ મકાન અંગે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી ચાલુ નથી કે પેન્ડીંગ નથી.આમ છતાં પણ ભવિષ્યમાં તેવી કોઈ બાબતે વાંધો તકરાર ઉપસ્થિત થાય તો તેવાં સમયે તમોને થતાં તમામ ખર્ચ અને પરીણામની જવાબદારી મારી તથા મારા વંશ,વારસોને શીરે રહેશે.તેવું તમોને આથી વચન અને વિશ્વાસ આપી સદરહુ મકાન નો ચુક્તે અવેજ સ્વીકારી કબજો મે તમોને સોંપી આપેલ છે.

(૫) સદરહુ મકાનનાં સરકારશ્રીના,રાજકોટ મ્યુની.કોર્પોરેશન ના તમામ વેરાઓ તેમજ અન્ય કોઈ વેરાઓ,પીજીવીસીએલ નુ બીલ,લીઝ આજદિન સુધીના બાકી હશે તે તમામ મારે ભરપાઈ કરી આપવાના છે.તેવું તમોને આથી પાકું વચન તથા વિશ્વાસ આપુ છું.અને આજ થી તેવા તમામ વેરા,બીલ તમો મકાન ખરીદનારે ભરવાના રહેશે.

(૬) સદરહુ મકાન તમો ખરીદનારના નામે ટ્રાન્સફર તમારે તમારા ખર્ચે કરાવી લેવાનુ છે.અને ટ્રાન્સફરને લગતાં જે જે ફોર્મ કે અરજીમાં મારી સહી કે સહીઓની જરૂર પડે તે ફોર્મ કે અરજીઓમાં મારે સહી કરી આપવાની છે,તેમજ જયારે જયારે અને જયાં જયાં રૂબરૂ હાજરી આપવાની રહે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે મારે રૂબરૂ હાજરી આપી તમોને સદરહુ મકાન વેચાણ આપ્યાની કબુલાત આપવાની છે.તેવું તમોને આથી પાકું વચન તથા વિશ્વાસ આપુ છું.

(૭) સદરહુ મકાનને લગતાં ઉત્તરોતર તમામ કલીયર ટાઈટલ ડીડઝ આજરોજ મે તમોને સોંપી આપેલ છે.મારો કે મારા પુરોગામીઓના ટાઈટલ અંગે ભવિષ્યમાં કોઈપણ વાંધો કે તકરાર ઉપસ્થિત થાય તો તેવા સમયે તમોને થતા નુકશાન ની જવાબદારી મારી તથા મારા વંશ, વારસોને શીરે રહેશે.તેવું તમોને આથી પાકું વચન તથા વિશ્વાસ આપુ છું.

સદરહુ મકાન ને લગતાં ઉત્તરોતર ટાઈટલ ડીડઝ નીચે મુજબ છે.

(૧) મારા નામના ગામ નમુના નંબર-૭ તથા ૮/અ ની ખરીનકલ.

P. R. Mehta

...૫

25 FEB 2019

RKT 5 MAV
875 - 5 15
2019



(૨) ૧ નંબરની બુકના નંબર–૫૪૮૭ તા.૦૨–૦૮–૨૦૦૩ થી નોંધાયેલ મારા જોગ શ્રીમતી હર્ષાબેન રજનીકાંત શાહ એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

(૩) રાજકોટ ના ૭ માં જોઈન્ટ સીવીલ જજ (સીડી) સાહેબ એ દિ.પ.અ.નંબર–૫૦૨/ ૧૯૯૭ તા.૨૬–૦૯– ૧૯૯૭ થી શ્રીમતી હર્ષાબેન રજનીકાંત શાહ વિ.ને આપેલ હેરશીપ સર્ટીફીકેટ ની ખરીનકલ.

(૪) ૧ નંબરની બુકના નંબર–૨૦૨૯ વો.૫૮૫ તા.૦૫–૦૭– ૧૯૬૭ થી નોંધાયેલ શ્રી રતીલાલ નરભેરામ સંઘવી જોગ શ્રી પ્રભુદાસ ગોકળદાસ વિ. એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

(૫) ૧ નંબરની બુકના નંબર– ૧૯૯૯ વો. ૧૦૩૧ તા. ૧૪–૦૭–૧૯૭૨ થી નોંધાયેલ શ્રી પ્રભુદાસ ગોકળદાસ વિ. વચ્ચે થયેલ વહેચણી દસ્તાવેજ ની ખરીનકલ.

(૬) જીલ્લા વિકાસ અધીકારી,રાજકોટ ના હુકમ નંબર –રેવન્યુ/૩૭૩/બીનખેતી/વશી/૧૬૨ તા ૧૩–૦૪–૧૯૬૬ ની ખરી નકલ.

(૭) ૧ નંબરની બુકના નંબર– ૩૦૧૦ વો.૩૩૪ તા.૧૦–૦૧–૧૯૬૩ થી નોંધાયેલ શ્રી જયંતીલાલ ગોવિંદજી વિ. જોગ બાપુભા પંચાણજી વિ. એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ ની ખરીનકલ.

SEAL OF THE SUB REGISTRAR OF RAJKOT-5 (MAVA)

(૮) તમોને વેચાણ આપેલ મકાન નું વર્ણન તથા ચર્તુદિશા નીચે મુજબ છે.

:: પરિશિષ્ટ ::

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના,રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ નાનામવા ના રેવન્યુ સર્વે નંબર–૮૩ પૈકીના બીનખેડવાણ અને રહેણાકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા "શ્રી રામ પાર્ક" તરીકે ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર–૬૬ ની જમીન ચો.મી. ૫૧૩–૦૦ સહીત નું મકાન આવેલ છે. (બાંધકામ ચો.મી.આ.૪૩૪–૩૯)

P. R. Mehta ...૬

2 5 FEB 2019

RKT 5 MAV
875 6 15
2019

(૬)

સદરહુ મકાન ની ચર્તુદિશા નીચે મુજબ છે.

ઉતર : પ્લોટ નંબર–૬૫ ની જમીન ઉપર અન્ય ની માલીકી ના મકાન આવેલ છે. તે તરફ માપ મીટર ૨૧–૩૫ છે.

દક્ષિણ : ૯–૦૦ મીટરનો રસ્તો આવેલ છે.તે તરફ માપ મીટર ૨૧–૩૫ છે. (ગોળાઈ સહીત)

પૂર્વ : ૭–૬૦ મીટરનો રસ્તો આવેલ છે.તે તરફ માપ મીટર ૨૪–૪૦ છે. (ગોળાઈ સહીત)

પશ્ચિમ : ૧૨–૦૦ મીટરનો રસ્તો આવેલ છે.તે તરફ માપ મીટર ૨૪–૪૦ છે. (ગોળાઈ સહીત)

(૯) તમોને વેચાણ આપેલ સદરહુ મકાનનો સંપુર્ણ ચુકતે અવેજ મને નીચેની વિગતે મળી ગયેલ છે. જેની ખાત્રી બદલની આથી પાકી પહોંચ સ્વીકારીએ છીએ.અને મારે તમારી પાસેથી અવેજ લેવાનો બાકી રહેતો નથી તથા અવેજ બાબતે વાંધો તકરાર નથી.તેવુ તમોને પાકું વચન અને વિશ્વાસ આપુ છું.

રૂા. ૨,૦૦,૦૦૦–૦૦ અંકે રૂપીયા બે લાખ પુરા મારા વતી તમોએ એડવાન્સ ઈન્કમટેક્ષ (T.D.S) માટે ચલણ નંબર–૨૮૦ તથા ચલણ સીરીયલ નંબર–૨૪૨૬૭ તા.૦૭–૦૧–૨૦૧૯ થી ભરપાઈ કરી આપેલ છે.જે મને અવેજ પેટે મળી ગયા બરાબર છે.

રૂા.૧,૯૮,૦૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા એક કરોડ અઠાણુ લાખ પુરા એચડીએફસી બેંક, ડો.યાજ્ઞીક રોડ શાખા રાજકોટ ના ચેક નંબર–૦૦૦૦૧૨ તા.૨૦–૦૨–૨૦૧૯ થી મને તમારા તરફથી મળેલ છે.

રૂા.૨,૦૦,૦૦,૦૦૦–૦૦ અંકે રૂપિયા બે કરોડ પુરા.

(૧૦) સદરહુ મકાનની જમીન ઉપર બીલ્ડીગનું બાંધકામ કરવા મે રાજકોટ મ્યુની કોર્પોરેશન માંથી બાંધકામ પરવાનગી નંબર–૭૨૬ તા.૧૨–૧૨–૨૦૧૮ થી મેળવેલ છે.અને પ્લાન એપ્રુવ્ડ કરાવેલ છે.એ રીતે સદરહુ મકાન મે તમોને સદરહુ બાંધકામ પરવાનગી,એપ્રુવ્ડ પ્લાન સહીત વેચાણ આપેલ છે.આથી સદરહુ બીલ્ડીગ પ્લાન,બાંધકામ પરવાનગી થી કંમ્પલીશન સર્ટીફીકેટ મેળવવા,પ્લાન રીવાઈઝડ કરાવવા વિ.તમામ કાર્યવાહીની સંર્પુણ જવાબદારી તમો ખરીદનારની રહેશે.

P.R. Mehta

...૭

25 FEB 2019

OF THE SUB-REGISTRAR OF RAJKOT-5

RKT | 5 | MAV
875 - 7 | 15
2019

(૭)

ઉપરોકત વેચાણ દસ્તાવેજ મે રાજીખુશીથી,સમજીને,વાંચી,વિચારીને,મુકતસંમતિ થી,કોઈના કોઈ પણ જાતના દાબ,દબાણ,ધાકધમકી,પ્રલોભન કે લાલચમાં આવ્યા વિના,સંપુર્ણઅવેજ સ્વીકારી બીન કેફ કરી આપેલ છે.જે મને તથા મારા વંશ,વારસો,વાલી વેરે કબુલ,મંજુર અને બંધનકર્તા હોવા બદલ સાક્ષીઓની હાજરીમાં નીચે મે સહી કરી આપી સાક્ષી ઓની સહીઓ કરાવી આપેલ છે.

રાજકોટ.

તારીખઃ–૨૫/૦૨/૨૦૧૯.

અત્રે..........................................મતુ

...........................................

(સવિતાબેન કેતનભાઈ મારવાડી)

અત્રે..........................................શાખ

(૧)..........................................

(૨)..........................................

OF THE SUB REGISTRAR OF RAJKOT (MAVA)

P. R. Mehta

25 FEB 2019

...૮

| | | |
|---|---|---|
| RKT | 5 | MAV |
| 875 | 8 | 15 |
| 2019 | | |





( સવિતાબેન કેતનભાઈ મારવાડી )
(વેચનાર)

મેં સ્વસ્તીક ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગદારો....



P. R. Mehta

( પુનીત રજનીકાંત મહેતા )
(ખરીદનાર)




( સુમીત રજનીકાંત મહેતા )
(ખરીદનાર)

25 FEB 2019

(૯)

| RKT | 5 | MAV |
|---|---|---|
| 875 | ૧ | 15 |
| 2019 | | |



મીલ્કત નું સરનામુ – મારવાડી વીલા, શ્રી રામ પાર્ક મેઈન રોડ, સેન્ટ્રલ સ્કુલ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ.

P. R. Mehta ............................................

........................................... વેચનાર ની સહી

........................................... ખરીદનારાઓ ની સહી

25 FEB 2019

...૧૦

(૧૦)

| RKT | 5 | MAV |
|---|---|---|
| 8757 | 10 | 1S |
| 2019 | | |



મીલ્કત નું સરનામુ – મારવાડી વીલા,શ્રી રામ પાર્ક મેઈન રોડ,સેન્ટ્રલ સ્કુલ પાસે,કાલાવાડ રોડ, રાજકોટ.

P. R. Mehta

........................................

વેચનાર ની સહી

........................................

ખરીદનારાઓ ની સહી

2 5 FEB 2019

| RKT | 5 | MAV |
|---|---|---|
| 875 | 11 | 15 |
| 2019 | | |

દસ્તાવેજ નંબરઃ–......૮૭૫...... તારીખઃ–..૨૫/૦૨/૨૦૧૯

::પરિશિષ્ટ::

નોંધણી અધિનિયમ–૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબનું ચેકલીસ્ટ

| અ.નં. | પ્રશ્ન | જવાબ (હા/ના) |
|---|---|---|
| | લખી આપનાર,સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો : | -- |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ ......નાગલપર......... ગામના રે.સ.નં.....૮૩.....સી.સ.વોર્ડનં.....—.....સી.સ.નં.....—..... ટી.પી.નં....—....એફ.પી.નં....—....ની મીલ્કતનો..વેચાણ દસ્તાવેજ.. કરી આપેલ છે? શ્રી રામ પાર્ક, પ્લોટ નં.-૬૬, મકાન | હા |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ ....૫૬૩.૦૦.... (ચો.મી./હે.આ.ચો.મી./બીલ્ટઅપ વિ.) ખેતી/બીનખેતી ની મીલ્કતનો લેખ કરી આપેલ છે? | હા |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે? | હા |
| ૪ | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી,વંચાવીને,સમજી,વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે. તે તમે કબુલ રાખો છો ? | હા |
| ૫ | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે? | — |
| ૬ | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી/અંગુઠા નું નિશાન કરેલ છે? | — |
| ૭ | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે? | — |
| ૮ | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો? | હા |
| | ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો : | -- |
| ૧ | દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો? | હા |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે? | હા |
| ૩ | કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો? | હા |

લખી આપનાર/~~સંમતી આપનાર/કુ.મુ.~~ની સહી

[signature] Marwade

ઓળખાણ આપનારની સહી

D.B. [signature] (Advocate)

સહીઃ
સબ રજીસ્ટ્રાર [signature]
સબ રજીસ્ટ્રાર, રાજકોટ-૫ (મવા)

2 5 FEB 2019

| RKT/5/MAV | | |
|---|---|---|
| 875 | 12 | 15 |
| 2019 | | |

25/02/2019 2:55:11 pm Version 1.1.2018.7

અનુક્રમ નંબર ૮૭૫ સને ૨૦૧૯
ના ફેબ્રુઆરી માસની ૨૫ મી તારીખે
૧૪ થી ૧૫ વાગ્યાની વચ્ચે રાજકોટ - 5 - મવા
સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યા.

પહોંચ નંબર: ૨૦૧૯૩૨૫૦૦૧૬૭૪

| ફીપહોંચી છે તે | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | ૨૦૦૦૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયં ( 15 ): | ૧૫૦ |
| અન્ય ફી | ૦ |
| કુલ એકંદરે રૂ. | ૨૦૦૧૫૦ |




P. R. Mehta

પુનીત રજનીકાંત મહેતા તે મે. સ્વસ્તીક ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીના ભાગીદાર (પેઢીના પાન નં.ADQFS5001G)

( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

| અનું. નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉંમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧.૦૦૦ | સવિતાબેન કેતનભાઇ મારવાડી<br>મારવાડી વીલા, શ્રી રામ પાર્ક મે.રોડ, સેન્ટ્રલ સ્કુલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ<br>PANNO:ABYPK6942N | ૫૦ |  |  | (signature) |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

| RKT/5/MAV | | |
|---|---|---|
| 875 | 13 | 15 |
| 2019 | | |

25/02/2019 2:55:11 pm Version 1.1.2018.7

૧ ડી. બી. લાડવા (એડવોકેટ)
અક્ષર ચેમ્બર, રજપુતપરા મે.રોડ, રાજકોટ





જેમને સબ-રજિસ્ટ્રાર ઓળખે છે, તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે. અને તેમની ઓળખાણ આપે છે.

૧. D.B. Ladwa (Advocate)

તારીખે ૨૫ માહે ફેબ્રુઆરી -૨૦૧૯

THE SUB-REGISTRAR OF RAJKOT-5(MAVA)

V B Tankariya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

બજાર કિંમત નક્કી કરવા અંગેનું
ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.

તારીખ : ૨૫/૦૨/૨૦૧૯

V B Tankariya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

| RKT/5/MAV | | |
|---|---|---|
| 875 | 14 | 15 |
| 2019 | | |

25/02/2019 2:55:11 pm Version 1.1.2018.7

ઇંકમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર
લેનાર નંબર
સંમતી આપનાર નંબર

તારીખ : ૨૫/૦૨/૨૦૧૯

(V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

THE SUB-REGISTRAR OF RAJKOT-5 (MAVA)

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ : ૨૫/૦૨/૨૦૧૯

(V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

| RKT/5/MAV | | |
|---|---|---|
| 875 | 15 | 15 |
| 2019 | | |

25/02/2019 3:06:40 pm Version 1.1.2018.7

૧ નંબરની બુકના ૮૭૫ નંબરે નોંધ્યો છે.

તારીખ : ૨૫/૦૨/૨૦૧૯

V B Tankariya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

---

નોંધણી સર નિરક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૨\૦૫\૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪ તથા તા.૧૧\૧૧\૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ મુજબ લખી આપનાર નં ૨

ને દસ્તાવેજોની વિગતે સમજુત કર્યા અને ઓળખાણ આપનારાઓએ તેઓની ઓળખ ખાતરી આપતા રજીસ્ટ્રેશન એક્ટ -૧૯૦૮ ની કલમ -૩૪,૩૫,૫૮ અને ૫૯ હેઠળની કાર્યવાહી પુરી કરી.

V B Tankariya

"સબ રજીસ્ટ્રાર"

S.R.O-Rajkot - 5 Mava

THE SEAL OF THE SUB-REGISTRAR OF
રાજકોટ સબ રજીસ્ટ્રારની કચેરી
રાજકોટ-૫ (મવા)
RAJKOT-5(MAVA)

TRUE COPY
RATHOD SANDHYA A
ADVOCATE & NOTARY
RAJKOT.